



હમણાં હમણાં પોલીસનું કામ ખુબ વધી ગયુ છે. તેમાંય ગાંધીનગરની પોલીસ તો હેરાન પરેશાન થઈ ચુકી છે. વીઆઈપી બંદોબસ્તમાંથી માંડ થોડીક રાહત મળે ત્યાં જાતભાતના મંડળો, જ્ઞાતિ સમાજના લોકો અને પોતાની માંગો પૂરી કરવાની રજૂઆત માટે સરકારી કર્મચારીઓના મંડળો, આઉટ સોર્સીંગના કર્મચારીઓના મંડળો ગાંધીનગર ઉમટી રહ્યાં છે. ઘ-૩નું મેદાન તો જાણે આવા ઉપવાસ-આંદોલનવાળા મંડળોને જ આપી દેવાયુ હોય તેમ અહીં દરરોજ કોઈકને કોઈક પ્રદર્શનો ધરણાં અને ઉપવાસ-આંદોલનો યોજાય છે. ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરતી આશા વર્કર બહેનો પોતાની રજૂઆત માટે ગાંધીનગર આવી પહોંચી હતી. નિર્ધારીત સ્થળેથી ખસવાનો તેમણે જરાક જેટલો પ્રયાસ કર્યો તો બંદોબસ્તમાં રહેલી પોલીસે આ બહેનોની રીતસર ટીંગાટોળી કરી હતી અને તેઓને પોલીસમથકે લઈ ગયા હતા. પોલીસકર્મીઓ અને આશાવર્કર બહેનો વચ્ચે ઘર્ષણના દશ્યો સર્જાયા હતા.

# ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ વિભાગોમાં પી.જી.ની ૧૭ બેઠકો મંજૂર

**શનિવારે અને સોમવારે ડિપ્લોમા બોર્ડ દ્વારા સર્જરી તેમજ મેડીસીન વિભાગની બેઠકો માટે ઈન્સ્પેકશન : પિડીયાટ્રીકમાં ડી.એન.બી.એ. છ બેઠક મંજૂર કરી**

ગાંધીનગર, તા. ૨૩

ડિપ્લોમાં નેશનલ બોર્ડની બે ઈન્સ્પેકશન ટીમો શનિવાર અને સોમવારના રોજ ગાંધીનગર મેડીકલ કોલેજ તેમજ હોસ્પિટલની મુલાકાત લેશે.

તાજેતરમાં બે ઈન્સ્પેક્શન ટીમો આવીને ગઈ છે અને તેમાં પિડિયાટ્રીકમાં ડિપ્લોમાં અભ્યાસક્રમની છ બેઠકોને મંજૂરી મળી ગઈ છે જયારે ગાયનેક ડિપાર્ટમેન્ટનું ઈન્સ્પેક્શન પૂર્ણ થઈ ગયુ છે.

મળતી વિગતો પ્રમાણે શનિવારે સર્જરી માટે અને સોમવારે મેડીસીન વિભાગની ટીમો ઈન્સ્પેકશન માટે આવી રહી છે. ઈન્સ્પેકશનની ટીમો આવી રહી હોવાથી આ અંગેની તડામાર તૈયારીઓ કોલેજ અને હોસ્પિટલમાં ચાલી રહી છે. આ ટીમો સમક્ષ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે. દરમ્યાન કોલેજના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પી.જી. અભ્યાસક્રમ માટે એમ.સી.આઈ. તરફથી પાંચ અભ્યાસક્રમોની મંજૂરી મળી ગઈ છે. જે અંતર્ગત આગામી શૈક્ષણિક સત્રથી પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થશે.

જે પાંચ વિભાગોમાં બેઠકોની મંજૂરી મળી છે તેની સંખ્યા ૧૭ બેઠકો માટેની છે જેમાં આંખ વિભાગની ૨, ઈએનટી વિભાગની ૨, એનેસ્થેસ્યાની ૬, પેથોલોજીમાં ૪ અને માઈક્રોની ૩ બેઠકોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને પી.જી. અભ્યાસક્રમની મંજૂરી મળતાં જ સિવિલ હોસ્પિટલની સેવાઓ સઘન બનશે એટલુ જ નહિ પરંતુ નોલેજ હબ તરીકે ડેવલપ થઈ રહેલા ગાંધીનગરના શૈક્ષણિક વિકાસને પણ નવી દિશા મળશે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર ડીએનબી દ્વારા સ્કીનની ૪ બેઠકોને રિન્યુ કરી આપવામાં આવેલ છે. આમ આગામી દિવસોમાં ગાંધીનગર મેડીકલ કોલેજ તેની આગવી ઓળખને વધુ પ્રતિભાવંત બનાવી ઉભરી આવશે.

ગાંધીનગરમાં આગામી દિવસોમાં સુપર સ્પેશ્યાલીટીની ખાસ હોસ્પિટલનો માર્ગ પણ મોકળો થશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# સ્વાસ્થ્ય માટે અંતરિયાળ વિસ્તારમાં પણ ટેલી રેડિયોલોજીનો ઉપયોગ કરાશે

**ગાંધીનગર ખાતે એશિયન રેડિયોલોજી ફોરમ અને IRIA-૨૦૨૦ની ૭૩મી વાર્ષિક કોન્ફરન્સનો શુભારંભ : વૈશ્વિક કોન્ફરન્સ સમગ્ર માનવજાતિના કલ્યાણ અને વધુ સારી સ્વાસ્થ્ય સુવિધા માટે માઇલસ્ટોન પ્રસ્થાપિત થશે**




ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રેડિયોલોજીની વૈશ્વિક કોન્ફરન્સમાં સમગ્ર માનવજાતના કલ્યાણ અને સ્વાસ્થ્ય માટે અંતરિયાળ વિસ્તારોમાં ટેલી મેડિસીનની જેમ ટેલી રેડિયોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

આજે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે એશિયન રેડિયોલોજી ફોરમ અને IRIA-૨૦૨૦ની ૭૩મી વાર્ષિક કોન્ફરન્સનો શુભારંભ કરતાં મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે દાયકામાં ગુજરાતે અનેક ક્ષેત્રોમાં વિકાસ સાધ્યો છે ત્યારે સ્વસ્થ ભારતના નિર્માણમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ નવા આરોગ્યલક્ષી આયામો હાથ ધર્યા છે. જેમાં આજની આ રેડિયોલોજી અંગેની પરિષદ ચોક્કસ માઈલસ્ટોન પ્રસ્થાપિત થશે.

શ્રી રૂપાણીએ કહ્યું કે, આરોગ્ય શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓ માટે ગુજરાત હબ બન્યુ છે ત્યારે ગુજરાતમાં રેડિયોલોજીનો વ્યાપ વધારવા અને નાગરિકોને વધુ આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ બને એ માટે રેડિયોલોજીની બેઠકોમાં વધારો કરવામાં આવશે.તેમણે કહ્યું કે, કેન્સર જેવા ગંભીર રોગોમાં પણ હવે રેડિયોલોજી ક્ષેત્રે વિકસેલી આધુનિક ટેકનોલોજીના માધ્યમથી પ્રથમ ચરણોમાં જ નિદાન શક્ય બન્યુ છે. આવા ગંભીર રોગોમાં વધુ ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોમાં પોલીસ ચોકી માટે દાયકાથી રજુઆત પણ પરિણામ શુન્ય

**રોજબરોજ ગઠીયાઓ હાથફેરો કરતા નિર્દોષ મુસાફરો તસ્કરીનો ભોગ બને છે**

ગાંધીનગર તા ૨૩

શહેરના એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે મુસાફરોની સલામતી રોજબરોજ જોખમાય છે. જયારે બે દિવસ અગાઉ જ મહીલાનુ દાગીના ભરેલુ પર્સ ગઠીયાઓ સેરવીને પલાયન થઈ ગયા હતા. રોજબરોજ ગઠીયાઓ તક મળતા જ હાથફેરો કરી લે છે. સ્માર્ટ સીટીના હાર્દસમા વિસ્તારમાં મુસાફરોની સલામતી માટે છેલ્લા એક દાયકાથી રજુઆત થઈ રહી છે. આમછતા પોલીસ પહેરો ગોઠવાતો નથી.

શહેરના એસ ટી ડેપોમાં કાયદો અને વ્યવસ્થા ખાડે ગઈ છે. રોજબરાજે મુસાફરોના ખિસ્સા કપાય છે ત્યારે ડેપો સંકુલમાં પોલીસ ચોકી બનાવાનો મામલો હજુ પણ અધ્ધરતાલ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૨૦૦ ખાનગી શાળાઓને અધૂરી વિગતો બદલ નોટીસ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ૨૦૦ જેટલી ખાનગી શાળાઓને આર.ટી.ઈ. એક્ટ-૨૦૧૨ મુજબ સુવિધાઓ તેમજ રેકર્ડ જાળવણી સહિત અનેક મુદ્દાઓમાં ક્ષતિઓ જણાતાં એક સપ્તાહમાં પૂર્તતાઓ કરવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડી.પી.એસ. શાળાના વિવાદ પછી શિક્ષણ વિભાગે રાજ્યની તમામ ખાનગી શાળાઓમાં આર.ટી.ઈ. એક્ટ-૨૦૧૨ પ્રમાણેના રજીસ્ટ્રેશન, એન.એ., એન.ઓ.સી. સહિતના ૩૦થી વધુ માપદંડો નિયત કરી અને ચકાસણીના આદેશો જારી કર્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં ૩૦૦થી વધુ ખાનગી શાળાઓમાં આ ચકાસણી માટે ૩ જેટલી ટીમો બનાવી અને ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શાળાઓમાં ચકાસણી દરમ્યાન આર.ટી.ઈ.ના અમલને લઈ કેટલીક શાળાઓ દ્વારા પૂરતી વિગતો આ ટીમ સમક્ષ રજુ કરવામાં આવી ન હતી.

કેટલીક શાળાઓ દ્વારા રજીસ્ટ્રેશનના સર્ટિફિકેટ બાદ આર.ટી.ઈ.ના અમલ, ફીના ધોરણ, વર્ગખંડ, શૈક્ષણિક સ્ટાફ અને બાળકોના વિગતવાર રેકર્ડની જાળવણી સહિત ઘણી બધી બાબતોમાં ક્ષતિઓ હોવાનુ જણાઈ આવ્યુ છે.

મળતી વિગતો મુજબ એક માસથી પણ વધુ સમયની મહેનત તંત્રના અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી અને હવે ક્ષતિઓ જણાતાં આ શાળા સંચાલકોને એક સપ્તાહમાં જરૂરી પૂર્તતા કરવાની નોટીસ જારી કરી એક તક આપવામાં આવી છે નહિ તો આ પછી તંત્ર દ્વારા આગળની જરૂરી કાર્યવાહી માટે સરકારને અહેવાલ મોકલી આપશે.

જિલ્લામાં જે ૨૦૦ શાળાઓને નોટીસ આપવામાં આવી છે તેમાં ગાંધીનગરની ૭૦, માણસાની ૩૫, દહેગામની ૩૫ અને કલોલની ૪૦ જેટલી શાળાઓનો સમાવેશ થાય છે.

આગામી દિવસોમાં હવે શિક્ષણ વિભાગ અને તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# શાહપુર પ્રા. શાળાની મુલાકાતે સાર્ક દેશોનું પ્રતિનિધિમંડળ



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના ગોંદરે આવેલ શાહપુર પ્રાથમિક શાળાની આજે સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કો. ઓપરેશન (સાર્ક)ના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી.

સાર્ક જે પ્રાદેશિક આંતર સરકારી સંગઠન સેવા સાથે દ. એશિયાના રાજ્યોનો ભૂ રાજકીય સંઘ છે.

આ પ્રતિનિધિ મંડળે બાળકો અને શિક્ષકગણ સાથે ગોષ્ઠી કરી અને વાતાવરણને રોમાંચિત કરી દીધુ હતુ. પ્રતિનિધિમંડળે શાળાના બાળકો સાથે સેલ્ફી લીધી ત્યારે રોમાંચની પરાકાષ્ટા જોવા મળી હતી. બાળકો સાથેની ગોષ્ઠીમાં શાળાની સવલતો, કયા ધોરણમાં ભણો છો ?, શાળાનું વાતાવરણ કેવુ લાગે છે ?, શાળામાં મઝા આવે છે ? , જેવા નાના અને માહિતીસભર પ્રશ્નો કર્યા હતા તેમજ શિક્ષકો સાથે પણ બાળકોના ઉત્સાહ વિશેની જાણકારી મેળવી હતી એટલુ જ નહિ બાળકોની હાજરી કેવી રહે છે શુ ખૂટે છે તેવા પ્રશ્નો પણ કર્યા હતા.

દરમ્યાન હેજાર્ડ સોસાયટી, સાઉથ એશિયન એસોસીએશન ફોર રીજનલ કો ઓપરેશન, ભારત સરકરાર તેમજ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટના સંયુક્ત ઉપક્રમે સ્કૂલ બિલ્ડિંગનું ઝડપી માળખાકીય અને બિન-માળખાકીય જોખમ મૂલ્યાંકન વિષય પર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં સાર્ક સંગઠનના સભ્ય દેશો જેવા કે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાના પ્રતિનિધિએ આજરોજ

● અનુસંધાન પાન-૭ પર

# ડિઝીટલ કનેક્ટીવીટી વધતા ટેલીમેડિસિન ઉપકારક બનશે

**અમદાવાદ ખાતે યોજાયેલ ટેલીમેડિસિનને લોકભોગ્ય બનાવવા યોજાયેલ પરિસંવાદમાં ડો. તેજલ દલાલે વિષય સંદર્ભે વિચારો રજૂ કર્યા**

ગાંધીનગર, તા. ૨૩

હાલના સમયમાં ટેલિ મેડિસિનના ઉપયોગ વધવા માંડ્યો છે. ઝડપી નિદાન અને સારવાર માટે ટેલિ મેડિસિન ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. ટેલિ મેડિસિન ક્ષેત્રને વ્યાપક સમર્થન મળે અને તેને પ્રોત્સાહન મળે તે હેતુથી તાજેતરમાં દ્વછછછજીર્ઝસ અને ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમનુ નેતૃત્વ આરોગ્ય વિભાગના સચિવ સુશ્રી જયંતિ રવિએ કર્યુ હતુ. આ અવસરે ગાંધીનગરના જાણીતા આંખના નિષ્ણાત ડૉ. તેજલ દલાલે આ વિષય સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ભારત વિશ્વના ‘‘ડાયાબિટીસ કેપિટલ’’ તરીકે ઉભરી રહ્યું છે : ૨૦૧૭માં નોંધાયેલા ૭૨ મિલિયન કેસો, આ આંકડો ૨૦૨૫ સુધીમાં લગભગ બમણો થવાની સંભાવના છે. વર્કિંગ એજમાં ૨૦-૬૫ વર્ષ) ડાયાબિટીસના દર્દીઓમાં ડાયાબિટીક રેટિનોપેથી અંધત્વનું મુખ્ય કારણ છે, વહેલી તપાસ અને સમયસર સારવારથી અટકાવી શકાય તેવા અંધત્વના જોખમને ૯૫ ટકા ઘટાડી શકાય છે.

ભારતમાં જરૂરિયાત કરતા પણ ૧ લાખ આંખના ડોક્ટરો ઓછા છે, જેમાં ૭ કરોડ જેટલા લોકોને ડાયાબિટીસ છે એમાંથી ૭૦ લાક જેટલા પણ લોકો હજી સુધી આંખની તપાસ કરાવી નથી. જેટલા લોકોને ડાયાબિટીસ છે એમાંથી ત્રીજા ભાગના લોકોને આંખમાં ઉતરે છે અને એમાંથી ત્રીજા ભાગના લોકોની આંખે અંધાપો આવે છે.

જો કે ઝડપથી તેની ખબર પડે તો તેનો ઉપચાર કરીને આંખોનું ૯૫ ટકા જોખમ ઓછુ કરી અંધાપાથી બચાવી શકાય છે.

ઠેર ઠેર આમ વ્યક્તિ પાસે પણ હવે સ્માર્ટ ફોન છે, જેનાથી ટેલિ મેડિસિનના મદદથી ડિજિટલ કેમેરા વડે પડાયેલા આંખના પડદાનો ફોટોગ્રાફ તેઓ પોતાના મોબાઈલમાં પણ જોઈ શકે છે. વિડિયો ટેકિનિક એ તબીબી અને સર્જિકલ શિક્ષણનુ એક મહત્વપૂર્ણ ઘટક બની ગયું છે. જેથી દર્દી પાસે તો રેકોર્ડ રહેશે જ પણ સરકાર પાસે પણ રેકોર્ડ હોવાથી ડીસીસનો

● અનુસંધાન પાન-૭ પર




હ્યુંડાઈ દ્વારા સીડાન સેગ્મેન્ટમાં નવી ‘ઓરા’ કારનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના હુન્ડાઈ શૉ રૂમ ખાતે યોજાયેલા લોન્ચિંગ કાર્યક્રમમાં જનરલ મેનેજર અખિલેશસિંહ અને સેલ્સ હેડ ધર્મેશ શાહની ઉપસ્થિતિ વચ્ચે એસબીઆઈ બેંકના એજીએસ હરનાક્ષી શર્મા, એચડીએફસી બેંકના ડીજીએમ હીરેનભાઈ વ્યાસ અને આઈસીઆઈસીઆઈ બેંકના ધીરેનભાઈએ કારનુ લોન્ચિંગ કર્યું હતું.

# ઈનામદાર માની જશે, કોંગ્રેસે હરખાવાની જરૂર નથી : રૂપાણી

ગાંધીનગર, તા. ૨૩

દાહોદ ખાતે આવેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કેતન ઈનામદારના રાજીનામા મુદ્દે આજે મહત્વનું નિવેદન આપ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ કેતનભાઈ સાથે વાત કરી રહ્યા છે. મને વિશ્વાસ છે કે, કેતનભાઈ જવાબદાર વ્યક્તિ છે, તેઓ માની જશે. તેમની જે લાગણી હશે, તે માટે જીતુભાઈ વાત કરી રહ્યા છે. ઘીના ઠામમાં ઘી પડવાનું છે. કોંગ્રેસે હરખાવાની જરૂર નથી. કોંગ્રેસના કેટલા ધારાસભ્યો લાઈનમાં છે. તે મારે કહેવાની જરૂર નથી.

● અનુસંધાન પાન-૭ પર

બેસણું



મારા પૂજ્ય પિતાશ્રી
ઠાકોર બબાજી હવજીજી નું તા.૨૨/૧/૨૦૨૦ને બુધવારે સ્વર્ગલોક પામેલ છે. સદ્દગતનું બેસણું તા.૨૫/૧/૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૯.૦૦ થી ૩.૦૦ કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળઃ- મંગુબા ભુવન, ખાંટવાસ, ખોડીયાર નગર રોડ, મું.ઉવારસદ, તા.જી.ગાંધીનગર

લિ.
ઠાકોર મહોતજી બબાજી (પુત્ર)
પ્રમુખ,ગાં.જી.કોંગ્રેસ ઓ.બી.સી. ડિપાર્ટ.
સદસ્ય ગાં.તા.પંચાયત
પૂર્વ ઉપપ્રમુખ, ગાં.તા.પંચાયત
પ્રમુખ હોળી મહોત્સવ યુવક મંડળ (ઉવારસદ)
ઠાકોર નયનાબેન મહોતજી (પુત્રવધુ)
(સદસ્ય ઉવારસદ ગ્રામ પંચાયત)
ઠાકોર ગોરવ મહોતજી (પૌત્ર)
ઠાકોર મિત મહોતજી (પૌત્ર)
મકવાણા સારદાબેન જયંતિજી (પુત્રી)
મકવાણા કાંન્તાબેન વિજયસિંહ (પુત્રી)
મકવાણા મધુબેન અશોકજી (પુત્રી)
મકવાણા પુરીબેન કનાજી (પુત્રી)
ઠાકોર શાન્તાબેન ગાભાજી (પુત્રી)
ઠાકોર તારાબેન કાન્તીજી (પુત્રી)
ઠાકોર ગાંડાજી ગફુલજી (ભાઈ)
ઠાકોર માધાજી ગફુલજી (ભાઈ)
ઠાકોર રમેશજી ગફુલજી (ભાઈ)
ઠાકોર વરસંગજી ભલાજી (ભાઈ)
ઠાકોર ગોપાલજી ભલાજી (ભાઈ)
ઠાકોર શંકરજી સેધાજી (ભત્રીજા)
ઠાકોર કિશનજી બાબુજી (ભત્રીજા)
ઠાકોર ગલાજી શનાજી (ભત્રીજા)
ઠાકોર પ્રવિણજી અભરાતજી (ભત્રીજા)
ઠાકોર રમતુજી ધુળાજી (ભાઈ)
ઠાકોર બળદેવજી ગલાબજી (ભાઈ)
ઠાકોર અમથાજી ભઈજીજી (ભાઈ)
ઠાકોર જુહાજી છોટાજી (ભત્રીજા)
ઠાકોર બોળાજી હોથાજી (ભત્રીજા)
ઠાકોર વિજયજી મહોતજી (ભત્રીજા)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com